ગાંધીનગર સમાચાર

સેક્ટર-૨૧ના 'છ' કેટેગરીના આવાસમાં મોટુમસ પોપડુ પડયુ

# શહેરમાં મોડી રાત્રે ગાજવીજ સાથે વરસાદ

## વીજળીના ભારે કડાકા થયા બાદ માત્ર ૫ મી.મી. વરસાદ : ઉકળાટ અને બફારાથી વસાહતીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા કેટલાય દિવસોથી ખોવાઈ ગયેલા વરસાદે ગઈકાલે મોડી રાત્રે વીજળીના કડાકાભડાકા સાથે વરસીને પોતાની હાજરી નોંધાવી હતી. જો કે માત્ર ૫ મી.મી. જેટલો સામાન્ય વરસાદ પડતા નિરાશા સાંપડી છે.



જુલાઈ માસના પ્રથમ પખવાડિયામાં શહેરમાં સારો એવો વરસાદ પડ્યો હતો. જો કે ત્યાર બાદ છેલ્લા ઘણા દિવસોથી વરસાદ જાણો ગાયબ થઈ ગયો હતો. છેલ્લા બે દિવસથી તો શહેરમાં ખુબ બફારો અને ઉકળાટ અનુભવાય છે. પંખા વિના તો સહેજવારમાં પરસેવે રેબઝેબ થઈ જવાય છે. એસીમાં જ થોડીક રાહત મળે છે. ગઈકાલે આખો દિવસ ભયંકર ઉકળાટ અને બફારો અનુભવાયા બાદ મોડી રાત્રે અચાનક જ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. સાથે સાથે જ વીજળીના કડાકાભડાકા થતાં ભયાવહ માહોલ સર્જાયો હતો. જે પ્રમાણે વીજળી થતી હતી તે જોઈને તો એવુ લાગતુ હતુ કે ધોધમાર વરસાદ તુટી પડશે. વીજળીના કડાકા થતાં ઘણા વસાહતીઓની ઉંઘ ઉડી ગઈ હતી. વીજળીના કડાકા થયા બાદ થોડીક જ વારમાં ધીમી ધારે વરસાદ પડવાનો પ્રારંભ થઈ ગયો હતો. જો કે જે પ્રમાણે વીજળી થતી અને જે વરસાદી માહોલ સર્જાયો હતો તે પ્રમાણે ધોધમાર વરસાદ વરસ્યો ન હતો. લભગ અડધા કલાક સુધી ધીમીધારે માત્ર ૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. સામાન્ય વરસાદ નોંધાતા નગરજનોને નિરાશા સાંપડી હતી. વરસાદ બંધ થતાં જ પુનઃ બફારો વધ્યો હતો. આજે દિવસ દરમ્યાન વરસાદી માહોલ જળવાયેલો રહ્યો હતો. પરંતુ વરસાદ નોંધાયો ન હતો. મહત્તમ તાપમાન આજે ૩૧.૦ ડિ.સે. લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૯૭ ટકા અને સાંજે ૮૧ ટકા રહ્યુ હતુ.

# ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટથી સીંગાપુર નેશનલ યુનિના ડીન પ્રભાવિત

## ગુડાના ચેરમેન સાથે સાઇકલ સવારીની મજા લીધી



ગાંધીનગર તા ૨૫

ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટથી સિંગાપુરની પબ્લિક પોલીસી નેશનલ યુનિવર્સિટીના ડીન ખુબ જ પ્રભાવિત થયા હતા. ગુજરાતની બે દિવસની મુલાકાત દરમિયાન તેમણે આજે ગાંધીનગરનો રાઉન્ડ લીધો હતો. સીંગાપુરની આ ટીમે ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટ અંગે જાણકારી મેળવી હતી. તેમણે સ્વર્ણિમ પાર્કના રૂટમાં સાયકલ પણ દોડાવી હતી.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

# ઈટાદરા શાળાના બનાવ સંદર્ભે જિલ્લા શિક્ષણતંત્ર તપાસ કરશે

ગાંધીનગર તા ૨૫

માણસા નજીકના ઈટાદરા ગામની શાળામાં વિદ્યાર્થીની સાથે ગેરવર્તણુંક કરવાની હરકત બાદ પ્રકાશમાં આવ્યા બાદ પથ્થરમારાની ઘટના પ્રકાશમાં આવી છે. આ સમગ્ર ઘટનાને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા એ ડી આઈની ટીમને તપાસની જવાબદારી સોંપવામાં આવી છે. જેના અંતે શૈક્ષણિક વર્તુળમાં કોઈ કસુરવાર માલુમ પડશે તો તેની સામે પગલા લેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

માણસા નજીકના ઈટાદરા ગામની શાળામાં શિક્ષક દ્વારા વિદ્યાર્થીની સાથે ગેરવર્તન કરવામાં આવ્યુ હોવાની ઘટના પ્રકાશમાં આવતા પરિસ્થિતિ ડહોળાઈ હતી. આ મામલે બે કમિટી મેમ્બરની ગાડી પર પત્થરમારો થતા જુથવાદ સાથે ટોળુ એકત્રિત થઈ ગયુ હતુ. પોલીસ કાફલાએ સ્થળ પર પહોંચી પરિસ્થિતિને કાબુમાં લીધી હતી.

જિલ્લા શિક્ષણતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ ઈટાદરા સ્કુલના બનાવ સંદર્ભે એ ડી આઈની ટીમને તપાસ કરવાની સુચના આપવામાં આવી છે. આ મામલે શૈક્ષણિક વર્તુળમાં કોઈ કસુરવાર હશે તો તેની સામે પગલા લેવાશે.

# સ્કીલ્ડ-અનસ્કીલ્ડ મેનપાવરના નવા ટેન્ડરો મંજૂર કરાયા

## મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી પણ વિકાસ કામો હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ આજે નવી શરતો અને સુધારા-વધારા સાથે સ્કીલ્ડ મેનપાવર અને અનસ્કીલ્ડ મેનપાવર પુરો પાડવા માટેના ટેન્ડરોને મંજૂર રાખ્યા છે. આ નવી એજન્સીઓ ૧ લી ઓગષ્ટથી તેમનો કાર્યભાર સંભાળી શકે તે રીતે વહીવટી કાર્યવાહી સંપન્ન કરવા પણ આજે મળેલ સ્થાયી સમિતિએ સૂચવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે નવી નિયત થયેલ એજન્સીઓએ ૫ ટકા લેખે ડિપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે એટલુ જ નહિ પણ પગાર માટે એક માસની રકમ પણ જમા કરાવવાની રહેશે. આ એજન્સીને એક વર્ષના સમયગાળા માટે કામ આપવામાં આવ્યું છે.

સફાઈ માટે મજૂરો અને મશીનરી સાથે કામ સોંપવામાં આવ્યુ હોવાથી હવે તંત્ર સેક્ટરોની આંતરિક સફાઈ પર ધ્યાન કેન્દ્રીત કરી શકશે.

આજે મળેલ સ્થાયી સમિતિએ મહાનગરપાલિકાના અધિકારીઓ માટે ટાટા સુમો ત્રણ ખરીદવાની દરખાસ્તનો અંશતઃ સ્વીકાર કરેલ છે. જેમાં એક ટાટા સુમો ગાડી ખરીદવામાં આવશે જ્યારે બે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર(દ)ના ૧૨ માર્ગો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં મંજૂર થયા

## ૧૪.૯૦ કરોડના ખર્ચે ૩૪.૫૦ કિ.મી.ના માર્ગ બનશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર (દ) વિધાનસભા મતવિસ્તારના ગ્રામ્ય વિસ્તાર માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ. ૧૪.૯૦ કરોડના ૧૨ માર્ગોના કામ રાજ્ય સરકારે મંજૂર કર્યા છે.

ગાંધીનગર (દ)ના ભાજપના ધારાસભ્ય શંભુજી ઠાકોરે આજે આ માર્ગોના કામની મંજૂરી આપવા માટે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને માર્ગ-મકાન મંત્રી નીતિન પટેલનો આભાર માન્યો છે. ઠાકોરે જણાવ્યું છે કે સર્વગ્રાહી વિકાસના કામોનો સરકારે હંમેશા અગ્રતા આપી છે તે મંજૂર થયેલા કામો જ બતાવે છે. તેમણે કહ્યું હતુ કે આ માર્ગોના કામ મંજૂર થતાં જ આંતર માળખાકીય સુવિધાઓનું સુદઢીકરણ થશે એટલુ જ નહિ વાહનવ્યવહાર સરળ અને ઝડપી બનશે.

તેમણે જણાવ્યુ છે કે કુલ ૩૪.૫૦ કિ.મી.ની લંબાઈ ધરાવતા આ માર્ગોમાં ઉવારસદ તારાપુર, છાલા ગામથી ધણપ અર્બુદા માતા સુધીનો રોડ, ઉવારસદ-સરગાસણ રોડ જોઈનીંગ ખ રોડ, લેકાવાડા ઓમકાર સ્કૂલ જોઈનીંગ ટુ આલમપુર દશેલા રોડ, ઈસનપુરથી શિવપુરા કંપા રોડ, ઉવારસદ-કોલવડા રોડ, વાંકાનેરડા એપ્રોચ જોઈનીંગ વીરા તલાવડી સોનારડા રોડ, દંતાલીથી ધાનજ રોડ, ખોરજ હુડકો થઈ ઝુંડાલ રોડ, મેદરાથી રણાસણ રોડ, ટીંટોડા-રામપુરા રોડ અને વડોદરા-ખલુઆડ જીયાપુરા રોડનો સમાવેશ થાય છે.

આ માર્ગોની તાંત્રિક મંજૂરી અને ટેન્ડરીંગ માટેની મંજૂરીની કાર્યવાહી હાથ ધરવા માટે સરકારે સૂચનાઓ આપી દીધ હોવાનું પણ તેમણે જણાવ્યુ છે.

# સેક્ટર-૨૧ના 'છ' કેટેગરીના આવાસમાં મોટુમસ પોપડુ પડયુ

## અગાઉ પણ આ જ આવાસમાં ગાબડુ પડયુ હતુ પરંતુ સ્થાનિક ઇન્કવાયરી કક્ષાએથી યોગ્ય રીપેરીંગ કરવામાં આવ્યુ ન હતુ

ગાંધીનગર તા ૨૫

સે-૨૧ ના છ કેટેગરીના એક મકાનમાં સીડીની છતમાંથી મોટુમસ પોપડુ ખરતા રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે. ૬ મહીના અગાઉ પણ આ બ્લોકમાં સીડીની છતમાં જ ગાબડુ પડયુ હતુ. પરંતુ સ્થાનિક ઈન્કવાયરી કચેરી દ્વારા યોગ્ય સમારકામ ન થતા બ્લોકના રહીશો માટે મોતનો ખતરો જળુંબી રહયો છે.

શહેરમાં સરકારી આવાસોની છતમાંથી પોપડા ખરવાનો સિલસિલો યથાવત છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી આવાસોની છત સલામત ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરોમાં છાશવારે વિવિધ કેટેગરીના મકાનોની છતમાંથી પોપડા ખરતા રહીશોના માથે મોતનો ખતરો જળુંબતો હોવાનો ભય પ્રવર્તયો છે. સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવામાં આવ્યા છે.જયારે હજુ પણ ભયજનક માલુમ પડયા હોય તેવા બ્લોક તોડવા માટે વિભાગની મંજુરી માંગવામાં આવી છે.

શહેરમાં સરકારી આવાસોની ખંડેર હાલત હોવાના લીધે રહીશો માટે શિરર્દદ ઉભો થયો છે. એકબાજુ શહેરમાં નવા સરકારી આવાસો બાંધવા માટેનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. કોર્પોરેટ લુક ધરાવતા આવાસો બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે હાલ સરકારી આવાસોમાં રહેતા કર્મચારીઓને માથે સલામત છત પણ નસીબ થતી નથી. જેના લીધે નગરના સરકારી આવાસોમાં રોજબરોજ છતમાંથી પોપડા ખરતા રહીશોના જીવ પડીકે બંધાયા છે. સે-૨૧ના બ્લોક નં ૨-૨ છ ટાઈપના મકાનમાં ત્રીજા માળે સીડીની છતમાંથી પોપડુ ખર્યુ હતુ. જો કે સદનસીબે સ્થળ પર કોઈ હાજર ન હોવાથી ઈજા થઈ ન હતી. આ અગાઉ પણ આવાસમાં આ જ ઠેકાણેથી છતમાંથી પોપડુ ખર્યુ હતુ. મોટુમસ પોપડુ ખરતા રહીશો દ્વારા તંત્રને જાણ કરવામાં આવી હતી. પરંતુ યોગ્ય સમારકામ ન થતા ફરીએકવાર રહીશોએ ભયજનક સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો છે.



લીલી ખારેક - વર્ષા ઋતુમાં કચ્છની ખારેક ગાંધીનગરમાં ઠેર-ઠેર જોવા મળે છે... શાકમાર્કેટ ઉપરાંત કૃષિભવનમાં કચ્છના ખેડૂતો લીલી ખારેક વેચવા આવે છે... આરોગ્યની દષ્ટિએ પણ ખારેકનું મહત્વ ખૂબ જ છે... ખાસ કરીને હિમોગ્લોબીન સુધારવા ખારેક ખૂબ જ ઉપયોગી છે...

# વાસણ અને વલાદમાંથી ડેન્ગ્યુના કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી બે દિવસમાં બે ડેન્ગ્યુના કેસો મળી આવતાં તંત્ર દ્વારા તાબડતોબ એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના વલાદ ગામેથી એક ડેન્ગ્યુનો કેસ મળી આવેલ છે. જે અમદાવાદ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. હાલ આ દર્દી અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ છે અને ત્યાં તેની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

બીજો કેસ ગાંધીનગર તાલુકાના વાસણિયા મહાદેવ પાસેથી મળી આવેલ છે. જે દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બન્ને દર્દીની તબિયત સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે હરકતમાં આવેલ તંત્રએ આ બન્ને ગામોમાં સર્વેલન્સ તેમજ એન્ટી

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૯માં કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને નોટીસ

## અગાઉ પણ આ કન્સ્ટ્રક્શન કંપનીને નોટીસ અપાઈ હતી : ત્યાંથી ૪ મજૂરોને મેલેરિયા પોઝીટીવ જણાયો હતો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સે. ૨૯માં આવેલ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલક કતીરા કન્સ્ટ્રક્શનને આજે શહેરી મેલેરિયા તંત્રએ આખરી નોટીસ ફટકારી સાઈટ કેમ સીલ ના કરવી તેમ સ્પષ્ટ જણાવતાં વેપારી આલમ અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે શહેરી મેલેરિયા તંત્રની ટીમ આ કન્સ્ટ્રક્શન કંપની સંચાલિત સે. ૨૯ની બન્ને સાઈટો પર તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાંથી ખુબ મોટી સંખ્યામાં મચ્છરોના બ્રીડીંગ તેમજ ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવાતાં તંત્રની ટીમ ચોંકી ઉઠી હતી. આ કન્સ્ટ્રક્શન કંપનીને તંત્રએ અગાઉ પણ નોટીસ ફટકારી હતી અને ત્યાંથી ૪ જેટલા મજૂરોને મેલેરિયા પોઝીટીવ જણાયો હતો જે ઉલ્લેખનીય છે.

આજે તંત્રની ટીમની તપાસમાં નોટીસ પછી કોઈપણ પ્રકારની કાર્યવાહી નહિ થઈ હોવાનું જણાઈ આવ્યું હતું. તંત્રની ટીમે ત્યાં કામ કરતાં ૧૫૦ જેટલા મજૂરોનું સ્ક્રીનીંગ પણ હાથ ધર્યું હતું.

તંત્રની ટીમે આજે આખરી નોટીસમાં મચ્છરોની ઉત્પત્તિને ટાળવા માટેના પગલાં લેવા, મજૂરોનું લાઈન લિસ્ટીંગ કરવા જેવી બાબતોને લઈ ૨૪ કલાકનો સમય આપ્યો છે અને જો યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો સાઈટ સીલ કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપી છે. આ કંપની સરકાર દ્વારા નવા બનનારા બી ટાઈપના બ્લોકના ટાવરોનું નિર્માણ કાર્ય સે. ૨૯માં બે અલગ અલગ જગ્યાએ કરી રહેલ છે. તેની બન્ને સાઈટો પરથી બ્રિડીંગ આજે મળી આવ્યા હતા.


ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ફ્લેટ ભાડે આપવાનો છે

સેક્ટર-૨/સીમાં ચ-રોડ પર ફ્લેટ ભાડે આપવાનો છે.

સંપર્ક કરો

મો. ૯૪૨૯૫ ૮૦૨૨૪

ભાડે જોઈએ છે

સંસ્થાને ઘરડાઘર તેમજ સ્કૂલ માટે કેમ્પસ ભાડેથી જોઈએ છે.

સંપર્ક કરો

મો. : ૯૫૩૭૮૦૫૫૩૬

મો. : ૭૫૭૨૯૯૫૯૯૫

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com